Test Booklet No.
परीक्षा पुस्तिका संख्या

141306

This booklet contains 20 pages.
इस पुस्तिका में 20 पृष्ठ हैं ।

# JBC – 12A

**PAPER II / प्रश्न-पत्र II**
**PART IV & V / भाग IV & V**
**Gujarati Language Supplement**
**गुजराती भाषा परिशिष्ट**

Test Booklet Code
परीक्षा पुस्तिका संकेत

**X**

**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**

**For instructions in Gujarati see Page 2 of this booklet. / गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें ।**

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH.**
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Blue / Black Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **X**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part IV : Language I – (Gujarati) *(Q. 91 to Q. 120)*
   Part V : Language II – (Gujarati) *(Q. 121 to Q. 150)*
7. Part IV contains 30 questions for Language I and Part V contains 30 questions for Language II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language I and/or Language II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part V (Language II) in a language other than the one chosen as Language I (in Part IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

## *परीक्षार्थियों के लिए निर्देश*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल नीले/काले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **X**. यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य प्रश्न पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग IV : भाषा I — (गुजराती) *(प्र. 91 से प्र. 120)*
   भाग V : भाषा II — (गुजराती) *(प्र. 121 से प्र. 150)*
7. भाग IV में भाषा I के लिए 30 प्रश्न और भाग V में भाषा II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा I और/या भाषा II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिएँ ।**
8. **परीक्षार्थी भाग V (भाषा II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

Name of the Candidate (in Capitals) : ______________________
परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) :
Roll Number (अनुक्रमांक) : in figures (अंकों में) ______________________
: in words (शब्दों में) ______________________
Centre of Examination (in Capitals) : ______________________
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) :
Candidate's Signature : ______________ Invigilator's Signature : ______________
परीक्षार्थी के हस्ताक्षर : निरीक्षक के हस्ताक्षर :
Facsimile signature stamp of Centre Superintendent ______________________

**SEAL**

આ પુસ્તિકમાં 20 પાનાં છે.

# JBC – 12A

## પેપર II
## ભાગ IV & V
## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

પરીક્ષા પુસ્તિકા સંકેત

**X**

**આ પરીક્ષા પુસ્તિકા ને કહેવા પહેલા ખોલવું નહિ.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળ ના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશો ને ધ્યાન થી વાંચો.**

***પરીક્ષાર્થિયો માટે દિશા નિર્દેશ:***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકા નું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) અથવા ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફકત એકજ.
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II અથવા III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રજી અને હિન્દી ભાષા ના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકા ના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોં ને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લૂ/કાળા બૉલ પાઇંટ પેન નોજ પ્રયોગ કરી શકે છે.**
5. આ ભાષા પુસ્તિકા નો સંકેત (code) છે **X**. આ વાતની ખાતરી કરી લેવીકે ભાષા પરિશિષ્ટ પુસ્તિકા નો સંકેત, ઉત્તર પત્ર ના પૃષ્ઠ-2 અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેત થી મેળ થાય છે કે નહિ. જોતે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષક ને તરતજ સૂચિત કરે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I -- (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II -- (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાય ની છે તો આપને ગુજરતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓ ના પ્રશ્નો ના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્ર માં ચયન કરેલ ભાષા થી અવશ્ય મેળ ખાવી જોઇએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચી માંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકા માં આપેલ ખાલી જગ્યામાં જ કરવો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવો. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરો માં) : ______________________

અનુક્રમાંક : અંકોં માં ______________________

: શબ્દોં માં ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરો માં) : ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત ______________

**Facsimile signature stamp of**

**Centre Superintendent** ______________________

પરીક્ષાર્થી નિમ્ન ભાગ ના સવાલો ના જવાબ ત્યારે જ આપે જયારે તેમને ભાષા - I નું વિકલ્પ ગુજરાતી ચયનીત કર્યો હોય. →

# ભાગ IV

# ભાષા I

# ગુજરાતી

*દિશા-નિર્દેશ : યોગ્ય પર્યાય પસંદ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો (પ્રશ્નો 91 થી 105).*

**91.** ભવૈયા, બજાણિયા, ખેલતમાસા, અથવા નાટક કરનાર લોકોના જૂથ માટે સામૂહિક સંજ્ઞા

(1) ધણ

(2) કાફલો

(3) ટોળી

(4) ઝૂંડ

**92.** 'તમે પૂછો છો, અમારો ધ્યયે શું છે ? હું એક શબ્દમાંજ જવાબ આપી શકું : જીત' આ પ્રકારના સવાલને કહેવાય છે.

(1) વિવરણાત્મક

(2) વાક્છટાવાળું

(3) સાહિત્યશૈલીને લગતું

(4) ઉશ્કેરક

**93.** રેલગાડીમાં તમારો હમસફર બારી પાસે બેઠો છે. તમે બારી બંધ કરાવવા માગો છો. તમે કેવી રીતે વિનંતી કરશો એ પસંદ કરો :

(1) મહેરબાની કરીને બારી બંધ કર

(2) બારી બંધ કરી શકો ?

(3) બને તો તમે બારી બંધ કરશો ?

(4) મારી ખાતર બારી બંધ કર

**94.** નીચે આપેલ સંવાદ વાંચો :

શિક્ષક : "એ બદલે વાર્તાની ચોપડી વાંચવાનું પસંદ કરીશ ?"

વિદ્યાર્થી : "હા"

વિદ્યાર્થી : "હા, જી"

અહિં શિક્ષક

(1) ભાષાને લગતી વૈકલ્પિક ગતિવિધીનો અનુરોધ કરે છે

(2) ભાષાની કામગીરીને વિનય વિવેક સાથે જોડે છે

(3) વાંચનનો આરંભ કરવાનો શિષ્ટ અનુરોધ કરે છે

(4) વિદ્યાર્થીની વિનંતી સ્વિકારે છે

**95.** અવયવની કામગીરીને લગતો શબ્દ કયો છે ?

(1) સૃજન કરવું

(2) તે છતાં

(3) રમવું/લસરવું

(4) બધા

**96.** રૂપાંતર કરનારા શબ્દો જેમકે (કરી) "શકે", "શકાય", "નાખવું", "બતાવવું" વગેરે શીખતી વખતે કેન્દ્ર બિન્દુ હોય છે.

(1) સાંદર્ભિક અર્થ

(2) પૂર્વગામી શબ્દોનો અર્થ

(3) પદવિન્યાસ અનુસાર

(4) તેમનો અર્થ

**97.** ‘ટપાલીએ ટપાલ ૧૧વાગે આપી’

‘ટપાલ ટપાલી દ્વારા ૧૧વાગે આપવામાં આવી’

આ બે વાક્યો વચ્ચેના ફરક તરફ વિદ્યાર્થીઓનું ધ્યાનાકર્ષિત કરવા માટે ભાર આપવો જોઇએ.

(1) શબ્દોનો ક્રમ

(2) બન્ને વાક્યોમાં કર્તા અને કર્મ જે ભાગ ભજવે છે

(3) ક્રિયાપદનો સહ્યભેદ

(4) બીજા વાક્યમાં “દ્વારા” નો ઉપયોગ

**98.** કઈ જોડી “જ્ઞાનપ્રક્રિયાત્મક શૈલી” ને આકાર આપે છે ?

(1) સક્રીય/નિષ્ક્રીય

(2) સમગ/અખંડ/વિષ્લેષણાત્મક

(3) નિષ્કર્ષિત/શબ્દશઃ

(4) ભાવનાપ્રધાન/વિચારવંત

**99.** ભાષા શિક્ષણ અને મૂલ્યમાપનમાં ‘દફતર’ નો પ્રયોગ થાય છે.

(1) દરેક સત્રમાં લેવામાં આવતી મૌખિક પરિક્ષા

(2) વિદ્યાર્થીએ ચોક્કસ સમયગાળા દરમ્યાન કરેલ કામનો સંચય જે પ્રગતિસૂચક હોય

(3) સત્ર દરમ્યાન શિક્ષકે વિદ્યાર્થીના વર્તનની રાખેલી નોંધ

(4) સામાયિક લિખિત પરિક્ષણ

**100.** વાંચતી વખતે (decode) સંકેતલિપિમાંથી સાદી ભાષામાં રૂપાંતર કરવું એટલે

(1) ગૂંચ ઉકેલવી

(2) પૃથક્કરણ કરી સમજવું

(3) વિદેશી ભાષા સમજવી

(4) સૂચના સંકેત તંત્ર (ICT) માં ઉપયોગમાં લેવાતી ક્રીયા

**101.** પહેલી વ્યક્તિ : “તારી મા હવે ઘરે આવી ગઈ છે ?”

બીજી વ્યક્તિ : “હા”

વિદ્યાર્થીઓની બોલવાની-સાંભળવાની કૂશળતાના મૂલ્યમાપન દરમ્યાન આ સંવાદમાં કોના ગુણ કાપવા જોઇએ ?

(1) પહેલી વ્યક્તિના

(2) બીજી વ્યક્તિના

(3) બન્નેના

(4) કોઇના નહિ

**102.** લખતી વખતે જે એક સંયોજક વ્યૂહનો ઉપયોગ થાય છે

(1) પદલોપ

(2) વિશેષણ

(3) પ્રસ્તાવ

(4) વાક્યનુ પદ અથવા ખંડ

**103.** જો લખાણ સંક્ષિપ્ત, સંપૂર્ણ, ત્રીજા પુરુષમાં હોય, વિષયાંતર કે ભાવનાશીલતા વગરનું હોય, અને તર્કસંગત હોય તો એ કહેવાય

(1) નોંધ

(2) અહેવાલ

(3) છાપાંનો લેખ

(4) વર્ગીકૃત જાહેરખબર

**104.** "સૂર્યગ્રહણ ક્યારે છે ?" — આ સવાલ

(1) વર્તમાનકાળમાં છે

(2) ભવિષ્યકાળમાં છે

(3) ચાલુ વર્તમાનકાળમાં છે

(4) ભૂતકાળમાં છે

**105.** રાષ્ટ્રીય પાઠ્યક્રમના માળખાં (NCF) 2005 ના સુઝાવ પ્રમાણે શાળાએ વાંચવા-લખવા તરફ કોઇ વિશેષ ધ્યાન આપવાની જરૂર નથી હોતી, ખાસ કરીને આ વિષયમાં

(1) માતૃભાષા

(2) હિંદી

(3) અન્ય વિદેશી ભાષા

(4) અંગ્રેજી

*દિશા-નિર્દેશ : નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનામાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો (પ્રશ્નો 106 થી 114).*

### મીઠાની મીઠાશ

એક નદી હતી. તે દરિયાને મળવા ખળખળ વહેતી હતી. દરિયામાં જ્યારે ભરતી આવતી ત્યારે દરિયાનું પાણી મારમાર કરતું નદીની અંદર આવતું અને તેનાથી નદીનું મીઠું પાણી પણ ખારું બની જતું. નદીને આથી બહુ દુઃખ થતું.

તેણે એક દિવસ દરિયાને કહ્યું, "એ સાગર, તું તો કેવો નિષ્ઠુર છે. મારા મીઠા પાણીને ખારું બનાવી દે છે. આ તારી કેવી રીત છે ? શું તને સદ્‌ગુણની કશી જ કિંમત નથી ?"

સાગરે કહ્યું, "નદીબાઈ, મારી ખારાશને તમે દુર્ગુણ કેમ કહો છો ?"

નદીએ કહ્યું, "દુર્ગુણ જ છે. મારું મીઠું પાણી બધાં પીએ છે. ખારું પાણી કોઈ પીતું નથી. બધાં મીઠાશ માગે છે, ખારાશ કોઇ માગતું નથી."

દરિયાએ કહ્યું, "અહીં જ તમારી ભૂલ થાય છે. નદીબાઈ, બધાં મીઠું પાણી માગે છે એ વાત સાચી, પણ બધાં મીઠાશ માગે છે એ વાત સાચી નથી. બધાં મીઠાશ

કરતાં ખારાશ માગે છે. તેનો પુરાવો કોઈ પણ માણસના રસોડામાંથી મળી રહેશે. ત્યાં તમને જણાશે કે થોડી પણ ખારાશ ઉમેર્યા વગર રસોઈમાં મીઠાશ આવતી નથી અને આ ખારાશ માટે જોઇતું મીઠું મારામાંથી જ બને છે. તેથી મારા એ ખારા મીઠામાં જે મીઠાશ છે તેવી બીજા કશામાં નથી."

નદીએ કહ્યું, "મોટો બચાવ કરવાથી કોઇ વસ્તુ મોટી નથી થઇ જતી. મને તમારી ખારાશ પસંદ નથી. મને એનો સખત વિરોધ છે."

સાગરે શાંતિથી કહ્યું, "તો એમ કરો ! તમે મને મળવાનું બંધ કરી દો. તમારું મોંઘું મીઠું પાણી મારામાં રેડીને કિંમત ઘટાડો નહિ. તમે એને રોકી દો. એ તમારા હાથની વાત છે."

નદીએ નિસાસો નાખી કહ્યું, "હું લાચાર છું ! મારા પ્રવાહને રોકવાની મારામાં તાકાત નથી ! મારું પાણી મારા કહ્યામાં નથી. હું મના કરું તોયે એ દોડીને દરિયામાં જઇ પડે છે."

દરિયાએ કહ્યું, "તો પછી એમાં મારો શો વાંક ? જે વસ્તુને મનગમતી બનાવી શકાતી નથી તેને મને કમને સહન કર્યે જ છૂટકો !"

નદી મૂંગીમંતર થઇ ગઇ.

106. નદી ________ મળવા જતી હતી.
(1) ઝરણાને
(2) તળાવને
(3) દરિયાને
(4) ખાબોચિયાને

107. દરિયાનું પાણી ________ નદીની અંદર આવતું.
(1) થોડું થોડું
(2) ધીરે ધીરે વહેતું
(3) ધસમસતું
(4) ઝટપટ

108. બધાંને ________ પાણી પીવું ગમે છે.
(1) મોળું
(2) ખારું
(3) મીઠું
(4) ગળ્યું

109. રસોઇમાં ________ નાખવાથી મોળાશ જતી રહે છે.
(1) મીઠુ
(2) લીલો મસાલો
(3) પનીર
(4) સૂકો મસાલો

110. નદીને દરિયાની ________ ગમતી નથી.
(1) મોટાઇ
(2) ખારાશ
(3) ઊંડાઇ
(4) ઉદારતા

111. દરિયો અને નદી બન્ને ________ કાર્ય કરે છે.

(1) દરિયો મીઠું પકવે છે નદી નહિ

(2) લોકોપયોગી

(3) લોકહિતૈચ્છુ

(4) મોટું અને નાનું

112. 'ક્શી કિંમત ન હોવી' એટલે

(1) કોઇ કદર ન હોવી

(2) કોઈ ભાવ ન હોવો

(3) કોઇ શરમ ન હોવી

(4) કોઇ ચિંતા ન હોવી

113. દરિયામાં ભરતી અને ________ આવે છે. (વિરુદ્ધાર્થી શબ્દ)

(1) ઓટ

(2) મોજાં

(3) સ્ટીમર

(4) જુવાળ

114. 'નોખું' સમાનાર્થી શબ્દ આપો

(1) ફરક

(2) જૂનું

(3) જુદું

(4) નવું

*દિશા-નિર્દેશ : નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનામાંથી યોગ્ય પર્યાય પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્નો 115 થી 120).*

એ જી તારાં આંગણિયાં પૂછીને કોઇ આવે રે;
આવકારો મીઠો આપજે રે !
એ જી તારે કાને રે સંકટ કોઇ સંભળાવે રે;
બને તો થોડું કાપજે રે !
માનવીની પાસે કોઇ માનવી ન આવે રે;
એ જી તારા દિવસની પાસે રે દુખિયાં આવે રે !
આવકારો 0

"કેમ તમે આવ્યા છો ?" એમ નવ કહેજે રે !
એ જી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે !
આવકારો 0

વાત એની સાંભળીને આડું નવ જોજે રે;
એ જી એને માથું રે હલાવી હોંકારો તું દેજે રે !
આવકારો 0

'કાગ' એને પાણી પાજે, સાથે બેસી ખાજે રે;
એ જી એને ઝાંપા રે સુધી તું મેલવા જાજે રે !
આવકારો 0

**115.** કવિ __________ આવકારો આપવાનું કહે છે.

(1) સગાવહાલાને

(2) મુશ્કેલીમાં મુકાયેલ માનવને

(3) સાધુ-સંત ને

(4) કોઇને પણ

**116.** આ કાવ્યમાં બોધ આપ્યો છે કે

(1) માનવીએ દુઃખિયાને પાણી પાવું

(2) માનવીએ એકબીજા સાથે વાત કરવી

(3) માનવીએ માનવીના દુઃખમાં સહભાગી થવું

(4) માનવીએ માનવી સાથે ગમે તેવો વ્યવહાર કરવો

**117.** 'હોંકારો આપવો' એટલે

(1) ધીરજ આપવી

(2) સંમતિસૂચક હોકાર આપવા

(3) જીહા, જીહા કરવું

(4) હા-ના કરવી

**118.** 'આવકારો આપવો' એટલે

(1) આવો-બેસો કહેવું

(2) હસીને સ્વાગત કરવું

(3) હસીને આપ, જાવ કરવાનું કહેવું

(4) આવ-આવ એમ કહી બોલાવવું

**119.** 'આડું' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો

(1) સહેલું

(2) વાંકું

(3) સીધું

(4) લાંબું

**120.** 'નવ' શબ્દનો સમાનાર્થી શબ્દ કાવ્યને આધારે આપો

(1) મનાઇ

(2) '૯' સંખ્યા

(3) નવું

(4) નહિ

પરીક્ષાર્થી નિમ્ન ભાગ ના સવાલો ના જવાબ ત્યારે જ આપે જયારે તેમને ભાષા - **II** નું વિકલ્પ ગુજરાતી ચયનીત કર્યો હોય. →

# ભાગ V

## ભાષા II

## ગુજરાતી

*દિશા-નિર્દેશ : યોગ્ય પર્યાય પસંદ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો (પ્રશ્નો 121 થી 135).*

121. અંગ્રેજીના પાઠયક્રમમાં વાર્તાલાપ લખવાનો સમાવેશ કરવામાં આવે છે ખાસ ____________ તપાસવા.

(1) વ્યાકરણની શુધ્ધતા

(2) સંવાદ કૌશલ્ય

(3) સર્જન કૌશલ્ય

(4) લખવાની સરળતા

122. જે શીખવવામાં આવે છે એ શીખવાંમાં નથી આવતું કારણ કે

(1) વિદ્યાર્થીએ માત્ર અનૌપચારિક વાતચિતમાં રસ લેતા હોય છે

(2) શિક્ષકની આર્થિક-સામાજીક પરિસ્થિતી વિદ્યાર્થીઓની પરિસ્થિતીથી અલગ હોય છે

(3) વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની ક્ષમતા અને વ્યક્તિત્વ ધરાવતા હોય છે અને વિવિધ પૂર્વભૂમિથી આવતા હોય છે

(4) વિદ્યાર્થી અથવા શિક્ષક કદાપી કોઈ પણ વિષયમાં સંપૂર્ણ પ્રભુત્વ નથી મેળવી શકતા

123. મુદ્દાનું વાકય મૂળ વિચારને વ્યકત કરે છે

(1) ભાષણમાં

(2) ફકરામાં

(3) વાર્તાલાપમાં

(4) નિબંધમાં

124. સંરચનાવાદ પ્રમાણે વિદ્યાર્થીઓ

(1) અનુભવ ના આધાર ઉપર અને મનન અને ચિંતન દ્વારા સમજ અને જ્ઞાન કેળવે છે

(2) શિક્ષકની મદદથી તેમ જ વિવિધ સંસાધનોના ઉપયોગ દ્વારા શોધ કરી પોતાના નિયમો અથવા સૂત્રો બનાવે છે

(3) પોતાના શૈક્ષણિક સંસાધનો બનાવી અનુભવ મેળવે છે

(4) વિવિધ પ્રકારના નમૂનાઓનું અધ્યયન કરી સાચા નિષ્કર્ષ ઉપર આવે છે

**125.** સંપર્કસાધન/સંક્રમણ પ્રૌદ્યોગિક વિજ્ઞાનમાં કોઇ સંસ્થામાં શૈક્ષણિક સંસાધનોનો મજિયારો ભોગવટો શક્ય બનાવે છે.

(1) ઇન્ટ્રાનેટ (Intranet)

(2) ડેલનેટ (Delnet)

(3) અરનેટ (Ernet)

(4) ઇન્ટરનેટ (Internet)

**126.** 'પ્રત્યક્ષ પણ હકીકતમાં નહિ' એવી વાસ્તવિકતા એટલે

(1) વીડિયો દ્વારા સંમેલન

(2) સંગણક (computer) રચિત માનસિક ચક્ષુથી જોવાની કે ખ્યાલ બાંધવાની વિકસિત તરકીબ

(3) વીડિયોની ટેપ કે ડિસ્ક

(4) ટેલીફોન દ્વારા ચર્ચાવિચારણા

**127.** 'વિપરિત-વ્યુત્પત્તિ' (Back formation) થી ઉત્પન્ન થયેલા શબ્દનું ઉદાહરણ

(1) મોટર + હોટેલ > મોટેલ

(2) અર્થ + શાસ્ત્ર > અર્થશાસ્ત્ર

(3) (હિન્દી/સંસ્કૃત) મંત્ર > (અંગ્રેજી) મંત્ર

(4) નાયબ જમાદાર > નાયબ

**128.** બે શબ્દોના સમન્વયથી ઉત્પન્ન થયેલ શબ્દોન બે ઉદાહરણ

(1) દાળ અનેભાત/ગોળ અને ઘી

(2) વાતાનુકુલ/અન્નદાતા

(3) કિરાણા દુકાન/ખાતાં વહી

(4) હીમપાત/સાધન સંપન્ન

**129.** ભાષા શીખવી એટલે

(1) વ્યવસ્થિત રીતે વ્યાકરણનું પૃથક્કરણ કરી તેને સમજવું અને શબ્દાવલી ગોખવી

(2) માતૃભાષા અથવા અન્ય ભાષા શીખવાની પ્રક્રિયા જે મનુષ્ય મસ્તિષ્ક ની જન્મજાત ક્ષમતા ઉપર આધારિત હોય છે

(3) એક તરકીબ જેથી ફરીથી એવું વાતાવરણ ઉત્પન્ન કરી શકાય જેમાં બાળકો માતૃભાષા શીખે

(4) જરૂરી શબ્દાવલીને ગોખીને તેનો ઉપયોગ કરવો

**130.** રાષ્ટ્રીય પાઠયક્રમના માળખાં (NCF) 2005 પ્રમાણે __________ અધ્યાપનનો ઉદ્દેશ્ય અમૂર્ત વિચાર વિકાસનાં સાધન આપવું અને સાક્ષરતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિનો છે.

(1) પ્રથમ ભાષા

(2) ત્રીજી ભાષા

(3) શાસ્ત્રીય ભાષા

(4) બીજી ભાષા

**131.** વાક્યપદ ક્રિયાપદ ના ઉદાહરણ

(1) આજુ બાજુ જોવું/ધ્યાન રાખવું

(2) મૂળ શોધવું/કામ કરવું

(3) કરી આપવું/કર્યા કરવું

(4) ઘોડા ગાડી/આરામ ખુરસી

**132.** વિષયોન્મુખ અભિગમ એ હોય છે જયાં શિક્ષણના અનુભવની સંઘટના નીચેના મુદ્દા ઉપર કેન્દ્રિત હોય છે

(1) શિક્ષકની ક્ષમતા

(2) વિષય વસ્તુ

(3) શિક્ષણ તંત્ર

(4) વિદ્યાર્થિની રુચી

**133.** મૂલ્યમાપનના માપદંડ એટલે

(1) સવાલો મુજબ ગુણની વહેંચણી

(2) વિદ્યાર્થીની ક્ષમતાનો સાધારણ અંદાજ

(3) ગુણ આપવાની કૂંચી/ચાવી

(4) મૂલ્યાંકનની માર્ગદર્શિકા

**134.** નીચેના શબ્દોમાં ઓષ્ટય વ્યંજન કયા શબ્દમાં મળે છે ?

(1) કાક

(2) લાલ

(3) ઠાઠ

(4) બાપ

**135.** વાંચતી વખતે 'સંચય ક્ષમતા' એટલે

(1) નોંધ રાખવી

(2) સંક્ષિપ્ત કરવું

(3) સમજવું

(4) નોંધ લેવી

*દિશા-નિર્દેશ : નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો (પ્રશ્નો 136 થી 141).*

એક પ્રશાંત, સ્વચ્છ સરોવરમાં કેટલાંય સુંદર કમળો હતાં. તે બધાં સૂર્યનાં કોમળ કિરણો પડતાં ખીલતાં અને સૂર્યાસ્ત થતાં બધાં બીડાઇ જતાં. આવાં ખીલેલાં કમળોથી સરોવરનું સૌંદર્ય ખીલી ઊઠતું. આ ખીલેલાં કમળો પર ભમરાઓ પુષ્પરસ પીવા મંડરાતા.

એક દિવસ એક ભમરો પુષ્પરસ માણવામાં એટલો મશગૂલ થઇ ગયો કે તેને સૂર્ય આથમી ગયો તેનું ભાન ન રહ્યું. હવે તે કમળમાં કેદ થઇ ગયો હતો. તેણે બહાર નીકળવા ફાંફાં માર્યાં. પણ બધું વ્યર્થ હતું. તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. ગાત્રો શિથિલ થઇ ગયા પણ તેણે આશા છોડી નહિ. તેણે આશાને તાંતણે જીવન ટકાવી રાખ્યું કે સવાર પડશે, સૂર્યનાં કિરણ ફૂલ પર પડશે અને કમળ ખીલશે. હું જરૂર મુક્ત થઇશ. એ આશાએ એણે જીવન ટકાવી રાખ્યું.

રાતનું અંધારું દૂર થયું, સવાર થઇ. હવે સૂર્યનાં કિરણ કમળ પર પડે એટલી જ વાર હતી. આશાનાં કિરણે તેનામાં ચેતનાનો સંચાર થયો. એવામાં હાથીનું એક ઝુંડ ત્યાં આવ્યું. પાણી જોતાં જ તેઓ ગેલમાં આવી ગયા. સૂંઢમાં પાણી ભરી ઉડાડવા લાગ્યા. તેમાંથી એક હાથીએ એ કમળ ઉખેડી નાખ્યું જેમાં ભમરો કેદ હતો. તેણે કમળને ઉછાળી ફેંકી દીધું.

બિચારો ભમરો ! તેની તો મનની મનમાં રહી ગઇ. તેની આશા પર પાણી ફરી વળ્યું. તેના રામ કમળમાં જ રમી ગયા. એટલે તો કહેવાય છે સમય સમય બળવાન છે, નહિ ભાગ્ય બળવાન.

**136.** સરોવરનાં કમળો ખીલતાં જ્યારે –

(1) તેના પર સૂર્યનાં આકરા કિરણો પડતાં

(2) તેના પર સૂર્યનાં કોમળ કિરણો પડતાં

(3) પક્ષીઓનો મીઠો કલરવ સવારે થતો

(4) સત પૂરી થતાં પરોઢિયું થતું

**137.** સૂર્ય આથમતાં ભમરો

(1) ભમરો ગુંજારવ કરવા લાગ્યો

(2) ભમરો કમળનો રસ વધુ પીવા લાગ્યો

(3) ભમરો કમળમાં કેદ થઇ ગયો

(4) ભમરો ઊડી ગયો

**138.** ભમરાએ જીવવાની આશા છોડી દીધી કારણ કે –

(1) તેનો શ્વાસ રૂંધાતો હતો

(2) સૂર્યાસ્ત થતાં કમળ બીડાઇ ગયું હતું

(3) ભમરાની પાંખ તૂટી ગઈ હતી

(4) તે કમળમાં કેદ હતો

**139.** ભમરામાં ચેતન આવ્યું કારણ કે

(1) સવાર થઇ હતી અને પક્ષીઓનો કલરવ શરૂ થઇ ગયો હતો

(2) સવાર થઇ હતી અને તેનામાં આશા જાગવાની તૈયારી હતી

(3) કમળ ખીલશે અને તેનો રસ પીવા મળશે

(4) સવાર થઇ હતી અને સૂર્યનું કિરણ કમળ પર પડે એટલી જ વાર હતી

**140.** ભમરો કમળમાં કેદ જ રહયો કારણ કે –

(1) ભમરાને કમળમાંથી બહાર આવવું નહોતું

(2) હાથીએ ભમરાવાળું કમળ ઉખેડી ફેંકી દીધું તેથી કમળ ખીલ્યું નહિ

(3) ભમરાનો શ્વાસ ચાલતો નહોતો

(4) સૂર્યનાં કિરણ કમળ પર પડયાં નહિ

**141.** મનનું મનમાં રહી જવું એટલે –

(1) મનની વાત બહાર ન આવી

(2) ઇચ્છા પૂરી ન થવી

(3) મનમાં ગભરાઇ ગયો

(4) મનોમન દુ:ખી થવું

*દિશા-નિર્દેશ : નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો (પ્રશ્નો 142 થી 150).*

મોહનદાસ ગાંધી પોરબંદરમાં બેરિસ્ટર તરીકેનું કામકાજ કરતા હતા. પોરબંદરમાં દાદા અબદુલ્લાની કંપની અને ગાંધી કુટુંબને ઘરોબો સારો હતો. તે જ દિવસોમાં દાદા અબદુલ્લાની કંપનીનો આફ્રિકામાં એક મોટો કેસ ચાલતો હતો. એ કેસનું કામકાજ સંભાળવા તેમણે મોહનદાસને ડરબન મોકલાવ્યો.

ગાંધીજી આફ્રિકા પહોંચ્યા. ત્યાંના ગોરાઓ (યુરોપિયન) કાળા લોકોને અનેક રીતે હેરાન કરતા મજૂર હોય કે નોકર, બેરિસ્ટર હોય કે વેપારી, ગમે તે હિંદીને તેઓ કુલી કહેતા. કાળાઓને હોટલ ઊતરવાની તો શું, તેમાં જવાની પણ બંધી હતી. ફૂટપાથ પર કોઇ પણ ગોરા સાથે ચાલવાનીય મનાઇ હતી. તેમને ધક્કો મારીને ફૂટપાથ પરથી ઉતારી મુકવો એ સામાન્ય વાત હતી. ગાંધીજીને પણ આવી મુસીબતો વેઠવી પડી હતી.

એક વખત ડરબનથી પ્રિટોરિયા જવા માટે ગાંધીજી ઘોડાગાડીમાં બેસવા જતા હતા ત્યારે ગાડીના ગાર્ડે તેમને રોકયા. તેમને સિગરામમાં અંગ્રેજ મુસાફરો સાથે બેસવાની

ના પાડી અને બહાર કોચવાન પાસેની બેઠક પર બેસવા કહયું. તેમને જલ્દીથી પ્રિટોરિયા પહોંચવું હતું એટલે કોચવાનની પાસેની બેઠક પર બેસી ગયા. ગાડી ચાલી થોડીવાર પછી ગાર્ડે તેને કોચવાનની પાસેની બેઠક પરથી ઊતરીને તેના પગ પાસે નીચે જગ્યા હતી ત્યાં બેસવાનો હુકમ કર્યો. ગાંધીજીએ ત્યાં બેસવાની સાફ ના પાડી, આથી ગાર્ડનો મિજાજ ગયો. કાળો માણસ આવું કરે તે કેમ ચાલે ? એટલે તેણે આઘુંપાછું જોયા વિના ગાંધીજી પર ગાળોનો અને મારનો વરસાદ વરસાવ્યો. તેને ગાડીમાંથી નીચે ગબડાવી દેવા હાથ પકડી ખેંચવા માંડયો. ગાંધીજી હિંમતથી ગાડીની બાજુના હાથાને ઝોડની જેમ વળગ્યા. ગાર્ડે નિર્દયતાથી મારવાનું ચાલુ રાખ્યું. અંદર બેઠેલા ગોરાઓ તમાશો જોતા રહયા પણ કોઇએ મોં ખોલ્યું નહિ. છેવટે એક ગોરાએ તેને રોકયો અને ઠપકો આપ્યો. જયારે ગાર્ડે જોયું કે ગોરા ઉતારુઓ ગાંધીજીની વહારે ધાય છે ત્યારે તેણે ગાંધીજીનો પીછો છોડયો. અને તે ચુપચાપ પોતાની જગ્યાએ જઇને બેઠો. ગાંધીજી માંડમાંડ બચ્યા.

આ રીતે ગાંધીજીએ બીજા લોકો માટે ઘણાં દુઃખો સહન કર્યાં હતાં.

**142.** ગાંધીજી __________ કેસ માટે ડરબન ગયા.

(1) દાદા અબ્દુલ્લાના

(2) આફ્રિકામાં વસતા ગોરા લોકોના

(3) ગાડીના ગાર્ડના

(4) આફ્રિકાના લોકોના

**143.** ગોરાઓ હિંદીઓને __________ ઉતારી દેતા.

(1) હોટલમાંથી

(2) સ્ટીમર પરથી

(3) રસ્તા પરથી

(4) ફૂટપાથ પરથી

**144.** ગાંધીજી કોચવાન પાસેની બેઠક પર બેઠા કારણ કે

(1) ઘોડાગાડીમાં તેણે આરક્ષણ કર્યું ન હતું

(2) ઘોડાગાડીમાં પાછળ સ્ત્રીઓ બેઠી હતી

(3) ઘોડાગાડીમાં પાછળ અંગ્રેજ મુસાફરો બેઠા હતા

(4) ઘોડાગાડીમાં પાછળ જગ્યા ન હતી

145. ગાંધીજીએ કોચવાનના પગ પાસે નીચે બેસવાની ના પાડી કારણ કે

(1) કોચવાન નોકર હોવાથી તેઓ તેની સાથે બેસવા તૈયાર ન હતા

(2) ગાંધીજી માટે તે હિંદીઓનું ઘોર અપમાન હતું

(3) ગાંધીજીને ગાર્ડનો વ્યવહાર ગમ્યો નહિ

(4) ગાંધીજીએ ઘોડાગાડીની બેઠક પર બેસવા માટે ભાડું આપ્યું હતું

146. ગાર્ડ ગાંધીજીને મારવા લાગ્યો કારણ કે

(1) કાળા માણસે ગોરા માણસને માન આપ્યું નહિ તેથી

(2) કાળા-ગોરાના ભેદભાવને ગાંધીજી સમજતા ન હતા અને સામે થયા તેથી

(3) ગાર્ડ ગોરાઓનો માણસ હતો તેને કાળા માણસ ગમતા ન હતા તેથી

(4) એક કાળા માણસે ગાર્ડનું કહયું માન્યું નહિ તેથી ગુસ્સામાં આવ્યો અને મારવા લાગ્યો

147. ગાર્ડે __________ ના કહેવાથી ગાંધીજીને મારવાનું બંધ કર્યું.

(1) કોચવાન

(2) અન્ય ઉતારુઓ

(3) ગાંધીજીના

(4) એક ગોરા માણસ

148. 'વહારે ધાવું' એટલે

(1) પાછલ પાછળ જવું

(2) મદદરૂપ થવું

(3) મદદ માટે બોલાવવું

(4) સાથે જવું

149. 'માંડમાંડ' અર્થ આપો

(1) જેમ તેમ

(2) મહામુશ્કેલીએ

(3) કોઇ પણ રીતે

(4) શરૂઆતમાં

150. 'બંધી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો

(1) છુટી

(2) છૂટ

(3) મના

(4) મુક્ત

# SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો માંથી સહી ઉત્તર માટે ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પૃષ્ઠ-2 માં એકજ વૃત ને બ્લૂ/કાળાં બૉલ પાઇંટ થી જ ભરવું. એક વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
2. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તર પત્ર ને વાળવા માં ન આવે અને તે ઉપર બીજો કોઇ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તર પત્ર માં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે કયાંય ન લખે.
3. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર નો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઇપણ પરિસ્થિતિ માં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર ના સંકેત (code) અથવા સંખ્યા માં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
4. પરીક્ષા પુસ્તિકા/ઉત્તર પત્ર માં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજિરી-પત્ર માં લખવું.
5. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હાલ/કક્ષ માં પ્રવેશ કાર્ડ સિવાય ની કોઈ પણ જાત ની પાઠ્ય સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત, કાગળ ની પર્ચિયો, પેજર, મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઇ પણ જાત ની સામગ્રી ને લઇ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઇ છે.
6. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષક ના માગ્યા મુજબ પોતાનો પ્રવેશ-કાર્ડ દેખાડવો.
7. અધીક્ષક અથવા નિરીક્ષક ની વિશિષ્ટ અનુમતિ વગર કોઇ પણ પરીક્ષાર્થીએ પોતાનો સ્થાન મૂકવો નહિ.
8. કાર્યરત નિરીક્ષક ને પોતાનો ઉત્તર પત્ર આપ્યા વગર અને હાજિરી-પત્ર માં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવા માં આવશે કે તેને ઉત્તર પત્ર પાછો આપ્યો નથી, અને આને અનુચિત સાધન નો મામલો માનવામાં આવશે.
9. ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત પરિકલક નો ઉપયોગ વર્જિત છે.
10. પરીક્ષા હૉલ માં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડ ના બધાજ નિયમોં અને વિનિયમોં સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોં ના બધાજ મામલો ના નિર્ણય બોર્ડ ના નિયમોં અને વિનિયમોં ના અનુસારે જ થશે.
11. ઉત્તર પત્ર અને પરીક્ષા પુસ્તિકા નો કોઈ પણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
12. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડવા પહેલા ઉત્તર પત્ર કક્ષ-નિરીક્ષક ને અવશ્ય સૌપી દે.** ***પરીક્ષાર્થી પોતાનો સાથે આ પરીક્ષા પુસ્તિકાને લઇ જઈ શકે છે.***

**READ CAREFULLY THE FOLLOWING INSTRUCTIONS :**

1. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with Blue/Black Ball Point Pen on Side-2 of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
2. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
3. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
4. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
5. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
6. Each candidate must show on demand his / her Admission Card to the Invigilator.
7. No candidate, without special permission of the Superintendent or Invigilator, should leave his / her seat.
8. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet a second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case.
9. Use of Electronic / Manual Calculator is prohibited.
10. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
11. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
12. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Room / Hall.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***

**निम्नलिखित निर्देश ध्यान से पढ़ें :**

1. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के पृष्ठ-2 पर केवल एक वृत्त को ही पूरी तरह नीले/काले बॉल पॉइन्ट पेन से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
2. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
3. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
4. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
5. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश कार्ड के सिवाय किसी प्रकार की पाठ्य सामग्री, मुद्रित या हस्तलिखित, काग़ज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
6. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-कार्ड दिखाएँ ।
7. अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
8. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा ।
9. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
10. परीक्षा-हॉल में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
11. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
12. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी कक्ष / हॉल छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें ।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।***

SEAL